# સમકાલીન ભારતીય કવિતા : આપણી વાત આપણી રીતે

સિતાંશુ યશશ્ચંદ્ર

**લેખાંક-૧૧**

**આડે રસ્તે ચઢાવી, સાચે સરનામે પહોંચાડતી**
**કવિતાઃ નામદેવ ઢસાળની 'કામાઠીપુરા'.** (ભાગ-૨)

*

(ગતાંકથી ચાલુ) તો છે જ, આપણી આ વાતો ! પણ હવે આપણે ન બોલીએ. ઢસાળને, 'દલિત પૅન્થર' આંદોલનના નિર્માતા, નિર્ભય-કુશળ નેતા એવા ઢસાળને પણ બોલવા ન કહીએ. માત્ર એમની આ કવિતાને સાંભળીએ, એકકાન. બલ્કે જોઈએ, એકધ્યાન.

રચનામાં નિરૂપાયેલો સમય કયો છે? રચનાની પહેલી ત્રણ પંક્તિઓ વાંચો :

> ***'કૅલેન્ડરને કૂલે લાત ફટકાવી/કેટલીયે સદીઓના ઉપદંશ પોતાના શરીર ઉપર મઢી/નિશાચર શાહુડી પડી છે આ અહીં.'***

એકસાથે ત્રણ સમયો આ સમર્થ કવિએ આપણી સામે કાવ્યારંભે મૂકી દીધા છે : પહેલો સમય : સમય અહીં છે જ નહીં. સમયના શરીર પર હિંસક જિન્સી હુમલો કરીને ('કૅલેન્ડરને કૂલે લાત ફટકાવી', મરાઠીમાં તો 'હેપલૂન', જે શબ્દને આ લેખમાં આગળ જતાં તપાસીશું,[#]) એને એક બાજુ ફેંકી દીધો છે. કયા સમયને? શા વાસ્તે? 'શાહુડી'ના

# ઢસાળના આ કાવ્યનો અંગ્રેજી અનુવાદ મરાઠીના એક ઉત્તમ કવિ દિલીપ ચિત્રેએ કર્યો છે. એ આ શબ્દોથી શરૂ થાય છે :'The nocturnal procupine reclines here/ Like an alluring grey bouquet/ Wearing the syphilitic sroes of centuries / Pushing the calendar away/ Froever lost in its own dreams.' આ અનુવાદ અંગે કેટલાક સવાલો મને થયા. ઢસાળની કૃતિની પહેલી પંક્તિ ચિત્રેના અનુવાદમાં ચોથી બને છે. ઢસાળની આ સ-ક્રિય કૃતિનો ક્રિયા-ક્રમ બદલાતાં, મને લાગ્યું કે કવિતાની ચાલ જ જાણે ફરી જાય છે. ઍક્શનની જગ્યાએ ઇમેજ આવી જાય છે. મને એ ઠીક ન લાગ્યું. બીજો સવાલ 'હેપલૂન' અંગે : 'પુશિન્ગ ધ કૅલેન્ડર અવેય' ('કૅલેન્ડરને બાજુએ ધકેલીને') એવો ચિત્રેનો અનુવાદ છે. મરાઠી તો એમની માતૃભાષા, પણ કાવ્યબાનીને સાંભળતાં મને એ અનુવાદનો મસલટોન નબળો લાગ્યો. ગતાંકનો લેખ લખતી વેળાએ મારા મિત્ર અને પોતાની પેઢીના અગ્રણી મરાઠી લેખક ક્રિશ્ના કિમ્બહુનેને ફોન કરી 'હેપલૂન'નો અર્થ પૂછ્યો. જાણ્યું કે 'બાજુ રાખવું' એવો અર્થ થાય, પણ કમાટીપુરા વિસ્તારમાં વપરાતા સ્લેન્ગમાં એ જાતીય આક્રમણ સૂચવતો શબ્દ છે. આ અંકનો લેખ લખતી વખતે મરાઠીના સાવ નવી પેઢીના તેજસ્વી કવિ (મૂળ

સમયને, આક્રમકો-પીડકોના સમયને, આખા ભૂખાળવા શહેરમાંથી આ વેશ્યાવાડમાં આવી ચઢનારાઓના સમયને. શા માટે? અરે, મુંબઈમાં રાત પડે ત્યારે આ કામાઠીપુરામાં દિવસ ઊગે, એટલું તો જાણો છો ને?! એટલે ‘કૅલેન્ડરલા હેપલૂન’. અહીં સમય છે જ નહીં, એક અંત વગરની રાત છે. આ થયો આ કૃતિનો પહેલો સમય.

બીજો સમય અહીંથી ખસતો જ નથી. આ લત્તાઓમાં રાતોની રાતો ઘા મારનાર પુરુષો અને ઘા ખમનાર સ્ત્રીઓનાં, બંનેનાં જીવનને રોગિષ્ઠ કરી મૂકતો, મોત તરફ ધીમેથી ધકેલતો સમય. ‘કેટલીયે સદીઓના ઉપદંશ પોતાના શરીર ઉપર મઢી’-ને આ કમાટીપુરામાં રહેતાં અને ત્યાં રોજ સાંજે-રાત્રે આવતાં માણસોનો રુગ્ણ સમય. એ સમય ‘કેટલીયે સદીઓનો’ છે, એમ ઢસાળે અહીં લખ્યું છે, એ નોંધીએ.

ત્રીજો સમય આજના, બિલકુલ આજના, આ કાવ્યની આજના વર્ત-માનનો સમય. ના, પણ્ય કામુકતાની, આવેગોની રાતની વાતથી ઢસાળ આ રચના શરૂ નથી કરતા. હજી તો સાંજ છે.લોકો આવે છે. દિવસભરનો નગરનો થાક લઈને ‘નિશાચર શાહુડી પડી છે આ અહીં.’ ‘શાહુડી’ છે તો નિશાચર, પણ હજી રાત પડી નથી એટલે એ પડી છે અહીં.

– આમ આ કવિતા શરૂ થાય છે, ‘પુણ્યસલિલા સમય-સરિતા-ત્રયીના સંગમ તીર્થે’!!

*

પછી શું થયું?!

છેલ્લાં બે વાક્યોમાં સૂચવાયેલી આપણી ‘શિષ્ટ’ કે ‘લોકપ્રિય’ સાહિત્યના વાચનની કુટેવો છોડીએ તો ઢસાળની કવિતાની આકરી (‘દુર્બોધ! દુર્બોધ!’) બાની સંભળાય : ‘એ શાહુડી એકદમ જાગી ઊઠે છે.’ – કમાટીપુરામાં હવે રાત પડી છે. રંગીલી રાત. આખો દિવસ પગ વાળ્યા વિના વૈતરાં કરી થાકેલા, કે યંત્રોની સેવામાં ખડે પગે આખો દિવસ ઊભેલા, કે ઘોલકી જેવી દુકાનોમાં, થડે, ગલ્લે બેઉ પગની પલાંઠી મારી બેઠેલા, કે પીઠે, માથે કોઈનો માલસામાન લાદી ખુલ્લે પગે દોડેલા પુરુષોના થાક્યા-ભૂખ્યા સેંકડો સેંકડો પગો વચ્ચેની એ શાહુડી જાગી ઊઠે છે. એ જોયા પછી આવતો આ કવિનો કરુણાસભર, અતિક્રુદ્ધ ફૂંફાડતો અવાજ, દલિત પૅન્થર્સની ટુકડીએ પ્રતિકાર માટે મુંબઈ શહેરમાં ક્યાંક કરેલા ધસારાનો હોય એવો, આ અવાજ સાંભળો : ‘એ શાહુડી એકદમ જાગી ઊઠે છે, / અધ્ધર થયેલા અણીદાર પીંછાંની ફેણ ફટકારી/ કારી ઘા લગાવે છે એ/ ને આરપાર જખમી કરીને છોડે છે છેવટ.’ – આ છે ઢસાળની કવિતાનું અભિનવ કાવ્યત્વ. અનુભૂતિ

---

ગુજરાતી પરિવારના, પેઢીઓથી મહારાષ્ટ્રમાં વસેલા, એવા) વર્જેશ સોલંકીને પૂછ્યું. એમણે આજના મહત્ત્વના મરાઠી દલિત અવિનાશ ગાયકવાડ સાથે વાત કરી. કિમ્બહુને, સોલંકી અને ગાયકવાડ, ત્રણેએ કહેલો, ‘હેપલૂન’નો કામાઠીપુરા વિસ્તારની મરાઠી બોલીમાં થતો અર્થ, ગુજરાતી દૈનિકોમાં જેને ‘સૃષ્ટિ વિરુદ્ધનું કર્મ’ એવા સુસંસ્કૃત શબ્દો દ્વારા સૂચવાય છે, એવો થાય છે. એ જોતાં, ‘કૅલેન્ડરને કૂલે લાત ફટકાવી’ એવો મારો અનુવાદ પણ મૂળ મરાઠીની કાતિલ ધારવાળો નથી. ચિત્રેનો તો સાવ મોળો!

અને અભિવ્યક્તિ એકાકાર થઈ છે. સામાજિક વાસ્તવ અને કવિતાનું રૂપ એકાકાર થયાં છે.

પણ નિશાચર શાહુડી એકદમ જાગીને જીવલેણ હુમલો કરે એ પહેલાં જે બને છે, એની વાત કરવાનું આ સજગ-કુશળ કવિ ચૂકતા નથી. શાહુડી જાગીને ત્રાટકે એ પહેલાં કેવી દેખાય છે, આ કવિની નજરે? 'કેવી દેખાય છે રાખોડી ફૂલોના લલચાવતા ગુચ્છા જેવી / શાયે સપનાંઓમાં આમ અવિરત દંગ દંગ.' દુરિતનાં પુષ્પો બૉદલેરે પૅરિસમાં જોયાં, ઢસાળે મુંબઈમાં. દલિત કવિતા અને આધુનિક કવિતા વચ્ચે અનેક આવા અનુબંધો છે. ઢસાળની આ પંક્તિઓ વાંચો : 'માણસ થઈ ગયો છે મૂંગોમંતર,/એનો પરમેશ્વર શંઢ,/ આ પોકળતાને ક્યારેયે કંઠ ફૂટશે કે?' લાભશંકર ઠાકરનો અવાજ યાદ આવે?

મુંબઈ ગામ આખાની શાહુડી જાગીને જ્યાં જવા દોડશે એ જગ્યાએ, કામાઠીપુરામાં શું થશે, એ અંગે (એ વિસ્તારની પડોશમાં જેનું બાળપણ વીત્યું હતું એવા) આ કવિ ચેતવે છે :

'ચાહ્ય તો લોખંડી ડોળો ચોકીપહેરે ગોઠવ, / આવ્યું હોય કદાચને એને આંસુ, તો તરત થીજવ એને.' પણ કશું ચાલતું નથી પેલા મૂંગામંતરનું કે પેલા શંઢનું, આ કમાટીપુરા સામે, અને આ કવિ એ વાત જાણે છે. એટલે એ કહે છેઃ 'એનાં લટુડાંપટુડાં જોઈ સંયમના બધા બંધ ફસડાઈ પડે છે'. અને

'એ શાહુડી એકદમ જાગી ઊઠે છે.'

*

'રે, સૂર્યમાં માછલીઓ તરી રહી.' પ્રિયકાન્ત હોય તો કહે. આ ઢસાળ છે.

*

ઢસાળની કવિતામાં 'ફૂલનો પવન' વાતો નથી. 'ફૂલોનો પસરે છે સમુદ્રનિતાન્ત.' આ ફૂલો, અલબત્ત, વેશ્યાવાડે મોકલાયેલી કે ગયેલી સ્ત્રીઓની વેણીઓમાં બંધાયેલાં, વેશ્યાવાડે ગયેલાં કે ધકેલાયેલા પુરુષોના કાંડે લટકાવેલાં ફૂલો છે. એ પહેરીને 'રાત તૈયાર થાય છે વર માટે ત્યારે જખમોને ફૂટે છે ફૂલો./ ફૂલોનો પસરે છે સમુદ્ર નિતાન્ત/ નિતાન્ત નાચ્યા કરે છે મૈથુનમોર.'

કરુણ, ભયાનક, શૃંગાર, બીભત્સ ચારે રસોની મિલાવટ ઢસાળની આ પંક્તિઓમાં જે થાય છે, એ માટેની કાવ્યમીમાંસા કેવી અભિનવ હોવી જોઈએ! આ છે આજના આપણા ભારતીય સાહિત્યનો આજના આપણા વિવેચનને પડકાર! અભિનવ ભારતીય કાવ્ય, એ મરાઠીના ઢસાળનું હોય કે ગુજરાતીના લાભશંકરનું, ગુર્રામ જેશુવાનું તેલુગુ કાવ્ય હોય કે શક્તિ ચટ્ટોપાધ્યાયનું બંગાળી, અરુણ કોલાટકરનું કે અરુણ કમલનું, આપણી કાવ્યવાચનની રૂઢિગ્રસ્ત, આળસુ, નરી રૂમાની, સલામતી શોધતી, ભીરુતાજન્ય ટેવોમાંથી છૂટી સાંપ્રતની તર્રોતાજા સજીવતા સાથે જોડાવાનું નિમંત્રણ આપે છે.

જેવું મધ્યકાળનો મહાકવિ દાન્તે, 'ડિવાઇન કૉમેડી'માં આપતો હતો એવું નિમંત્રણ : ઍન ઇન્વિટેશન ટુ ઇન્ફર્નો, નરકમાં પ્રવાસ કરવાનું નિમંત્રણ. એ સ્વીકાર્યા

વિના સ્વર્ગ તરફ જવાની શક્યતા ત્યારેયે નહોતી, આજેયે ન હોય.

રાત આખી જ્યાં મૈથુન મોર ગોળગોળ ફુદડી લેતો નાચ્યા કરે છે, એ જગ્યા હવે કવિ હાથ લાંબો કરીને આપણને ચીંધી બતાવે છે:

'આ નરક – / આ ગોળ ગોળ ઘૂમતું વમળ/ આ ઠૂમકા લેતું કુરૂપ, / એને પગે ઝાંઝર જેમ વાગતી વેદના.'

આ કાવ્ય, પહેલા શબ્દથી છેલ્લા શબ્દ સુધી, કમાટીપુરાની સ્ત્રીઓના 'પગે ઝાંઝર જેમ વાગતી વેદના'-ને સાંભળી સાંભળીને લખેલું કાવ્ય છે. જેને એ ઝાંઝરનો અવાજ હજી ન સંભળાયો હોય એ ભલે બીજું કશુંક કવિતા છે એવું સમજીને વાંચે.

*

જેને માણસની નિરુપાય વેદનાનો આ 'ઝાંઝર જેમ વાગતો' સ્વર સંભળાયો છે અને 'વાગ્યો' છે, એની સાથે ઢસાળ હવે વાત કરે છે. શોક, રતિ, ભય એ સહુ સ્થાયી ભાવોને હડસેલીને હવે કવિનો ક્રોધ રૌદ્ર રસ તરફ ધસારો કરે છે. એ કહે છે, મને-તમને નહીં, પોતાનેયે નહીં, કમાટીપુરાની સ્થાયી અને વ્યભિચારી વસ્તીને જાણે કે :

'ઉતરડી કાઢ ઉતરડી કાઢ અંગ પરથી ચામડી મૂળસોતી/ પોતાની ખાલ ખેંચી કાઢ./આ વિષાક્ત સનાતન ગર્ભાશયને થઈ જવા દે નિર્દેહી. /આ ઢિમ્મ માંસનો લોચો / અધીરો ન થઈ ઊઠવો જોઈએ અવયવો માટે.'

*

પછી, 'કેટલીયે સદીઓના ઉપદંશ પોતાના શરીર ઉપર મઢી' જે સ્ત્રી-પુરુષો અનેક કામાઠીપુરાઓમાં કેદ છે એમને આ દલિત કવિ, જે પોતે પણ કેટલીયે સદીઓથી પીડાયેલો છે એ, પોતાનો હાથ લાંબો કરી, કશુંક એમાં પકડીને કહે છે. એ કહે છે : 'આ પોટૅશિયમ સાયનાઇડ./ લે, લે ચાખ એક ચૂસકી આની./ એક પળના સાવ નાનકડા ભાગમાં મરતાં મરતાં/ લખી રાખ અભિપ્રેત થતો જતો નાની એબીસીડીનો એસ.'

ફૉકલૅંડ રોડથી વાલકેશ્વર સુધીનાં લખાણોમાં જે 'એસ ફોર સેક્સ'-ને નિરંજન ભગતે મોટી એબીસીડીમાં બીજું બધું ઢાંકતો દીઠો હતો એ 'એસ'-ની નવી વાત ઢસાળ અહીં માંડે છે. એ તોતિંગ એસ-નું શું કરવું ? એને 'એક પળના સાવ નાનકડા ભાગમાં' લખી નાખવાનો કીમિયો ઢસાળ બતાવે છે : 'એક ચૂસકી આની પી' એમ એ પેલી પી. એસ. (પોટેશિયમ સાયનાઇડ)ની પ્યાલી બતાડતાં કહે છે. આજનો દલિત નામદેવ જેમ કહે છે તેમ ભક્તિ કાળનો બીજો નામદેવ પણ એ અભંગમાં કહેતો હતો. 'આપુલે મરણ પાહિલ્યો મી ડોળ્યા.' 'પરથમ પહેલાં મસ્તક મૂકી વળતી લેવું નામ જો ને.'

*

પણ ઢસાળ ભક્તકવિ નથી. એ દલિત કવિ છે, આધુનિક કવિ છે, પ્રોલેતેરિયેત અને દલિતની એકતા જોનારો કવિ છે. નારીની, વેશ્યા નારીનીયે વેદના સમજનારો કવિ છે. બૉદલેર જેમ. ભક્ત નથી, નાસ્તિક છે. શાશ્વતીને શરણે નથી જતો, ઇતિહાસના પડકારો ઝીલે છે. એટલે આજના આપણા ઐતિહાસિક વાસ્તવને એ હવે આલેખે છે :

'ગળી કે ખારી/ વિષની એક ચુસકી લેવા તડપતા ઊભા છે લાઇન લગાવીને આ બધા./શબ્દ જેવું મરણ અહીં ગોરંભાયું છે./બસ, હવે થોડી વારમાં અહીં વરસાદ ત્રાટકશે.'

– ક્યો વરસાદ? કોઈની કૃપાનો? ગાલાવેલોથા મા. તસ્માદ્ યુધ્યસ્વ, ભારત. એવું કશુંક આ દલિત પેન્થર્સનો સ્થાપક કવિ કહેતો જણાય છે. મુંબઈનો વરસાદ, ચોપાટીના દરિયાથી બહુ દૂર નહીં એવા કમાટીપુરામાં હકીકતે ત્રાટકતો હોય છે, કેટલીક તકલીફો પેદા કરતો. રસ્તાઓ પર પાણી ભરાય, વાહનો અટકી પડે, મકાનોની છત ગળવા માંડે, માંદગી ફેલાય...

મુંબઈ એને બહુ ગણકારતું નથી. કમાટીપુરા તો નહીં જ. ઢસાળ એ જાણે છે, એ તો એ વિસ્તારના રહેવાસી હતા. એટલે આ કવિતા એક અનોખી રીતે પૂરી થાય છે. બાશિંદો હવે પોતાના વિસ્તાર સાથે સીધી અને આત્મીયતાથી વાત કરે છે :

'કમાટીપુરા, / બધી મોસમોને બગલમાં ઘાલી/ તું આ ચિક્કટકાદવમાં અદૂકડું બેઠું છે./ આ છીનાળ સુખદુખની પેલી પાર જઈને.'

અને પછી, ભારતીય કવિતાની શતાબ્દીઓનો અણનમ, બળકટ, લડાયક, સ્વાયત્ત અને સુકોમળ સ્વર જેમાં સંભળાય, એવા શબ્દોમાં રચના પૂરી થાય છે :

**'હું જોઉં છું વાટ તું કમળ બની જાય એની,**
**આ ચિક્કટ કાદવમાં કમળ.'**

*

ખીલશે.

*

સમા, વડોદરા.

ડિસેમ્બર ૨૬, ૨૦૧૮

❑